૨ વાદળ ગરજે

X4B4C2

● **સાંભળો અને ગાઓ.**

વાદળ ગરજે વીજળી ચમકે, ધરતી ધ્રૂજે ધમધમ;

વાદળ ગરજે વીજળી ચમકે, વર્ષા વરસે ઝમઝમ;

વાદળ ગરજે વીજળી ચમકે, ડુંગર ડોલે ડમડમ;

વાદળ ગરજે વીજળી ચમકે, ખેતર લીલાં છમછમ;

વાદળ ગરજે વીજળી ચમકે, વાજાં વાગે પમપમ;

વાદળ ગરજે વીજળી ચમકે, છોકરાં ખાતાં મમમમ.



• વાતચીત :

૧. ગીતમાં આવેલા કયા શબ્દો તમે પહેલાં સાંભળ્યા હતા ?

૨. ગીતમાં તમને મજા પડી હોય તેવા શબ્દો બોલો.

૩. ગીતમાં કઈ પંક્તિ વારંવાર આવે છે ? ગાઈ બતાવો.

૪. તમને વરસાદ ગમે ? કેમ ?

૫. વરસાદ પડે ત્યારે તમે શું શું કરો છો ?

૬. વાદળના ગડગડાટ જેવો અવાજ કાઢી બતાવો.

૧. ગીત ગાઓ.

વિદ્યાર્થીઓનાં બે જૂથ પાડવાં. જૂથ ૧ 'વાદળ ગરજે વીજળી ચમકે' અને જૂથ ૨ 'ધરતી ધ્રૂજે ધમધમ' આ રીત આખું ગીત ગાશે. બંને જૂથ વારાફરતી ક્રમમાં પંક્તિઓ ગાય તે જોવું.

૨. ગીતને આધારે બોલો.

- ધરતી ધ્રૂજે...
- ખેતર લીલાં...
- વર્ષા વરસે...
- વાજાં વાગે...
- ડુંગર ડોલે...
- છોકરાં ખાતાં...

૩. ગીતની કડીમાં 'વ' આવે ત્યારે બે હાથ ઊંચા કરો.

૪. ગીતને આધારે જોડો.

ધરતી	ઝમઝમ
વર્ષા	મમમમ
ડુંગર	પમપમ
ખેતર	ધમધમ
વાજાં	ડમડમ
છોકરાં	છમછમ

૫. ચિત્ર જુઓ અને જવાબ કહો.



૧. ચિત્રમાં શું શું છે ?

૨. ચિત્રમાં કુલ કેટલી વ્યક્તિઓ છે ?

૩. ચિત્રમાં કેટલા છોકરા છે ?

૪. ચિત્રમાં છોકરીઓ શું કરી રહી છે ?

૫. છોકરો શું કરી રહ્યો છે ?

૬. વરસાદથી બચવા કોણ શું કરી રહ્યું છે ?

૭. ચિત્રમાં સૌથી મોટું કોણ છે ?

૮. ચિત્રમાં કાગળની બનાવેલી કઈ વસ્તુ છે ?

૬. ચિત્રમાં હોય તો 'ગડગડાટ' અને ન હોય તો 'સડસડાટ' બોલો.

૧. ઘર ૨. દેડકો ૩. મોર ૪. છોકરી ૫. છોડ

૬. ઝાડ ૭. તળાવ ૮. હોડી ૯. પાણી ૧૦. ટોપી

૭. બોર્ડ પર લખેલાં વાક્યો ઝડપથી બોલો.

(અહીં આપેલાં વાક્યો બોર્ડ પર લખો. શિક્ષકે સૌપ્રથમ આ વાક્યો બોલવાં. પહેલાં એક-એક શબ્દ બોલાવો. પછી આખું વાક્ય ઝડપથી બોલાવો. ધીમે ધીમે ઝડપ વધારો અને મઝા માણો.

૧. કાળાં વાદળ, ધોળાં વાદળ.

૨. કાચો પાપડ, પાકો પાપડ.

૩. વાદળ વાદળ વરસો પાણી.

૪. ગાય ઘાસ ખાય, ભેંસ ભાત ખાય.

૫. સાચી કિટ્ટા, ખોટી બુચ્ચા.

૮. ઘરે જઈને તમારાં ભાઈ-બહેન, દાદા-દાદી કે માતા-પિતાને આ ચિત્રની વાત કરો.

ટીપાં ટપકે ટપ ટપ ટપ



બકુલ અને છાયા બંને ભાઈબહેન. તેઓ દરરોજ સાથે રમે. એક દિવસ તેઓ રમવા માટે બહાર નીકળ્યાં. પણ આ શું ! તેમણે આકાશ તરફ જોયું તો આખાય આકાશમાં વાદળાં જ વાદળાં. કાળાં કાળાં વાદળાં દોડંદોડી કરતાં હતાં. ગડગડાટ પણ એવો થતો જાણે મોટા ફટાકડા ફૂટતા હોય. બિચારા સૂરજદાદા તો વાદળાં પાછળ ઢંકાઈ ગયા હતા.

એમણે સાથે છત્રી લીધી ને રમવાનું શરૂ કર્યું. થોડીવારમાં આકાશમાંથી ટપટપ ટપટપ ટીપાં પડવાનું શરૂ થયું. બકુલ કહે, ''બહેન, આપણે રમવા તો નીકળ્યાં, પણ રમીશું કેવી રીતે ! જો ને ! આ ટપટપ ટપટપ ટીપાં પડવાનું શરૂ થઈ ગયું !''

''અરે ભાઈ ! ટીપાં સાથે રમવાની મજા પડશે. જો હું હથેળીમાં ટીપાં ઝીલું છું. તું પણ તારી હથેળી આગળ કર.''

બકુલ અને છાયાની વાત પેલાં ટીપાંના કાને પડી. હસતાં હસતાં તે તરત બોલ્યાં, ''અરે છોકરાં ! તમે પણ રમવાનું વિચારો છો ! અમારી સાથે રમવાની

તમને બહુ જ મજા પડશે ! આ જુઓ ને ! તમને રમતાં જોઈ અમનેય રમવાનું મન થયું. અમે છેક ઊંચે આકાશમાંથી અહીં ટપટપ ટપટપ કરતાં દોડી આવ્યાં છીએ.''

ટીપાંની વાત સાંભળી છોકરાં રાજીરાજી થઈ ગયાં. તેઓ 'ટપાક ટીપું ટપટપ, ટપાક ટીપું ટપટપ !' બોલતાં કૂદવા લાગ્યાં. થોડીવારમાં ટીપાં જોરથી પડવા લાગ્યાં, ટપાક ટપટપ ! ટપાક ટપટપ !

છોકરાં કહે, ''તમે તો જોરથી એક સાથે પડવા લાગ્યાં. લાગે છે હવે તમે અમને રમવા નહિ જ દો. હમણાં તો તમે એમ કહેતાં હતાં કે અમે તમારી સાથે રમવા આવ્યાં છીએ. અને હવે તમે જોરથી પડી રહ્યાં છો. લાગે છે તમે અમને છેતરીને પલાળી દેશો !''

''કૂદો... નાચો... છબછબિયાં કરો... તમેય પલળો ને આ બધુંય પલળશે. ધરતી પલળે, વેલા પલળે, છોડ પલળે, ઝાડ પલળે, બધુંય પલળે. જો જો હો ! થોડા દિવસ જવા દો. ચારેબાજુ બધુંય લીલુંછમ થઈ જશે.'' ટીપાં બોલ્યાં.

''હા હા ! તમે ટપકો ! જોરથી ટપકો ! એકસાથે ટપકો ! અમેય રમીએ ને તમેય રમો !'' પાણી વહેવા લાગ્યું. ભાઈ-બહેને હોડી બનાવી ને પાણીમાં તરતી મૂકી. હોડી તો પાણીમાં સરરર સરરર તરવા લાગી. તરતાં તરતાં હોડી એક ઘરેથી બીજે ઘરે ગઈ. હોડી એક ઘરેથી મમરો, બીજા ઘરેથી ચણો, ત્રીજા ઘરેથી ગોળ લેતી લેતી દોડી ગઈ.

આગળ હોડી દોડે ને પાછળ છોકરાં દોડે. હોડી તો વહેતી વહેતી દૂર ગઈ. એ તો વરસાદના પ્રવાહમાં વહી ગઈ. હોડી જતી રહી તેથી છાયા રડમસ થઈ ગઈ. બકુલ બોલ્યો, ''રડવાનું નહીં. મોટા થઈ મોટું વહાણ બનાવીશું. આખી દુનિયામાં ફરશું.'' એમ કહેતાં બકુલ અને છાયા ખડખડાટ હસી

- **વાતચીત :**

૧. તમને વરસાદમાં રમવું ગમે ? કેમ ?
૨. તમારે રમવું હોય અને વરસાદ પડે તો તમે શું કરો ?
૩. વરસાદનાં ફોરાં પડવાનો અવાજ કેવો હોય ? બોલી બતાવો.
૪. વરસાદનું વહેતું પાણી ક્યાં જતું હશે ?

૯. વાર્તામાં આવેલા શબ્દની બાજુમાં ✓ અને ન આવેલા શબ્દની બાજુમાં ✗ કરો.

વાદળાં : ✓ ઢેબરાં : ✗

દરિયો ☐ સૂરજ ☐ આકાશ ☐ છત્રી ☐ રોટલો ☐

૧૯ 'ર' શોધી / કરો. વ ર સ દ ન ર વ સ દ મ સ વ દ સ ગ સ વ ર દ જ વ દ (ઓગણીસ)

૧૦. વાર્તાના આધારે સાચું હોય તો 'ટપટપ' અને ખોટું હોય તો 'સરરર' બોલો.

- સૂરજદાદા વાદળાં પાછળ ઢંકાઈ ગયા હતા.
- અમે છેક ઊંચા પર્વતમાંથી ટપટપ ટપટપ કરતાં દોડી આવ્યાં છીએ.
- ટીપાંની વાત સાંભળી છોકરાં દુખી દુખી થઈ ગયાં.
- ભાઈ-બહેને હોડી બનાવીને પાણીમાં તરતી મૂકી.
- હોડી જતી રહી તેથી બકુલ રડમસ થઈ ગયો.

૧૧. ખૂટતો અક્ષર મૂકો.

૧. દ ..... રોજ

૨. દિવ .....

૩. બહા .....

૪. ધ ..... તી

૫. ..... રસાદ


૬. ખડ ..... ડાટ

૭. ..... રરર

૮. ..... ડ ..... ડાટ


૧૨. ઓળખો, ◯ કરો અને ગણો.

'દ' ઓળખો.



'દ' કેટલા ? ____


'સ' ઓળખો.



'સ' કેટલા ? ____


૨૦ 'સ' શોધી / કરો. વ ર સ દ ન ર વ સ દ મ સ વ દ સ ગ સ વ ર દ જ વ દ સ ર (વીસ)

‘૨’ ઓળખો.



‘૨’ કેટલા ?

‘વ’ ઓળખો.



‘વ’ કેટલા ?

૧૩. ઉદાહરણ મુજબ મૂળાક્ષર ઓળખો અને ◯ કરો.

દ : (દ)વા, (દ)૨, મ(દ)ન, સા(દ)૨

૨ : ૨સમ, ૨સદા૨, ૨સ, દ૨

સ : સ૨સ, સ૨દા૨, દાસ, સદા


વ : વહાણ, વ૨સાદ, સાવજ, માનવ


૨૧ ‘દ’ શોધી / કરો. વ ૨ સ દ ન ૨ વ સ દ સ વ દ સ ગ સ વ ૨ દ જ વ દ સ ૨ (એકવીસ)

૧૪. ઉદાહરણ મુજબ ચિત્ર જુઓ અને શબ્દ લખો.




સાવજ











૧૫. ચિત્રને શબ્દ સાથે જોડો.









વરસાદ

દાદા

વેલણ


સગડી


૧૬. ઉદાહરણ મુજબ સરખા શબ્દો જોડો.


દવા	મદાર	રસમ	સેવા	વેદ


મદાર	રસમ	દવા	વેદ	સેવા

૧૭. ટપકાં જોડી મૂળાક્ષર પૂર્ણ કરો.









સે સે સે સે સે **સે** સે સે સે સે સે

(ચોવીસ)

૧૮. ટપકાં જોડી મૂળાક્ષર પૂર્ણ કરો.

ગે	ગે	ગે	ગે	ગે	ગે					
મે	મે	મે	મે	મે	મે					
ને	ને	ને	ને	ને	ને					
જે	જે	જે	જે	જે	જે					
વા	વા	વા	વા	વા	વા					
રા	રા	રા	રા	રા	રા					
સા	સા	સા	સા	સા	સા					
દા	દા	દા	દા	દા	દા					
વે	વે	વે	વે	વે	વે					
રે	રે	રે	રે	રે	રે					
સે	સે	સે	સે	સે	સે					
દે	દે	દે	દે	દે	દે					

દે દે દે દે દે દે દે દે દે દે દે

(પચ્ચીસ)

વે	વે	વે	વે	વે	વે					
રે	રે	રે	રે	રે	રે					
સે	સે	સે	સે	સે	સે					
દે	દે	દે	દે	દે	દે					

૧૯. ઉદાહરણ મુજબ લખો.


વે	વે	વે	વે	વે	વે	વે	વે
રે	રે	રે	રે				
સે	સે	સે	સે				
દે	દે	દે	દે				

૨૦. વાંચો અને ઉદાહરણ મુજબ લખો.

ગ	ગા	ગે
મ		
ન		
જ		

વ	વા	વે
ર		
સ		
દ		

૨૧. ઉદાહરણ મુજબ શબ્દ શોધો અને લખો.



સે વા = સેવા

મે વા = મેવા

૨૨. શબ્દો વાંચો અને લખો.

ગામ			વાર		
નામ			રાગ		
ગાજ			સાગ		
જાગ			દાન		
માન			વાન		
જાન			દામ		

૨૩. શિક્ષક દરેક શબ્દ મોટેથી બોલશે. વિદ્યાર્થી તે શબ્દ કોઠામાંથી ઉદાહરણ મુજબ શોધીને લખશે.

સાવજ	ગરમ	વાર
રજા	ગામ	મનન
જાન	દાન	સેર

એ	સા	વ	જ	૨	એ
દા	ન	મા	પા	જા	ક
૨	ના	કે	ત	જા	દે
ગ	ગ	બે	મ	ન	ન
વા	૨	મ	ક	ડે	સે
ગા	મ	વ	પે	વા	૨

૨૪. તમને મનગમતું ચિત્ર દોરી રંગ પૂરો.

